૬૦૧/૩,૧૨૪

**બોચાસણવાસી શ્રી અક્ષરપુરુષોત્તમ સ્વામિનારાયણ સંસ્થા**

**સત્સંગ શિક્ષણ પરીક્ષા (પૂર્વ કસોટી - ૬ જૂન, ૨૦૧૦)**

**(સમય : સવારે ૯ : ૦૦ થી ૧૨ : ૦૦)** **સત્સંગ પ્રવીણ - ૧**

**નોંધ : પ્રશ્ન પછી આપેલા અંકો તે પ્રશ્નના જવાબના પાના નંબર દર્શાવે છે.** **(કુલ ગુણ : ૧૦૦)**

**વિભાગ-૧ : શ્રી અક્ષરપુરુષોત્તમ ઉપાસના - અગિયારમી આવૃત્તિ, માર્ચ - ૨૦૦૯**

**પ્ર.૧ નીચે આપેલામાંથી કોઈ પણ બે વિષયના સંદર્ભમાં શાસ્ત્રનાં ત્રણ પ્રમાણો આપો.** [૬]
**(સંદર્ભ શાસ્ત્રનું નામ અને ક્રમાંક લખવો ફરજિયાત છે.)**

૧. સાકાર સ્વરૂપમાં રુચિ. (૯)
૨. ગુણાતીત સંતનાં લક્ષણો. (૮૩)
૩. સર્વથી પર અક્ષરધામ અને અક્ષરધામાધિપતિ શ્રીહરિ સર્વોપરી. (૩૦)
૪. અક્ષરબ્રહ્મનું સ્વરૂપ. (૧૦૩)

**પ્ર.૨ પ્રમાણ, સિદ્ધાંત કે કડી પરથી વિષયનું શીર્ષક આપો.** [૫]
ઉદાહરણ : **'મારું ધામ છે રે, અક્ષર અમૃત જેનું નામ; તેમાં હું રહું રે, દ્વિભુજ દિવ્ય સદા સાકાર.'**
જવાબ : **ધામમાં અને પૃથ્વી ઉપર - બન્ને ઠેકાણે સદા સાકાર**

૧. એ જ અનંત બ્રહ્માંડના રાજાધિરાજ છે ને અક્ષરબ્રહ્મના પણ કારણ છે. (૩૫)
૨. ધર્મ, વૈરાગ્ય ને આત્મનિષ્ઠા કાંઈ મોક્ષ કરે તેમ નથી. (૨)
૩. તે સ્વરૂપને વિષે ને આ સ્વરૂપને વિષે લેશમાત્ર ફેર સમજતા નથી. (૧૯)
૪. નિરાકાર જાણે ને બીજા અવતાર જેવા જાણે તો એનો દ્રોહ કર્યો કહેવાય. (૧૧)
૫. સર્વે બ્રહ્માંડની ઉત્પત્તિ, સ્થિતિ ને પ્રલય તેનો કર્તા પણ હું જ છું. (૬)

**પ્ર.૩ આપેલા વિકલ્પોમાંથી ફક્ત સાચા વિકલ્પોની આગળ આપેલા ચોરસ ખાનામાં ખરાની (✔) નિશાની કરો.** [૪]
**નોંધ : એક કે એકથી વધારે વિકલ્પ સાચા હોઈ શકે. તમામ સાચા વિકલ્પ આગળ જ ખરાની નિશાની કરી હશે તો જ પૂર્ણ ગુણ મળશે, અન્યથા એક પણ ગુણ નહીં મળે.**

૧. પ્રગટ ભક્તિનો મહિમા (૬૮)
(૧) ☐ પ્રગટ સ્વરૂપ ઉપાસી, ધન્ય સો પ્રગટ સ્વરૂપ ઉપાસી.
(૨) ☐ પ્રગટના ભજનથી પરમ સુખ પામીએ
(૩) ☐ પ્રગટને ભજી ભજી પાર પામ્યાં ઘણાં, ગીધ ગણિકા કપિવૃંદ કોટી.
(૪) ☐ પ્રગટ ભગવાન છે, પ્રગટ વાતું છે ને બીજા તો ચિત્રામણના સૂરજ જેવા છે.

૨. અક્ષરબ્રહ્મ કયા-કયા રૂપે કાર્ય કરે છે ? (૧૦૪-૧૦૭)
(૧) ☐ પરબ્રહ્મના અંતર્યામી સ્વરૂપે.
(૨) ☐ સચ્ચિદાનંદ ચિદાકાશ તેજરૂપે.
(૩) ☐ મનુષ્ય દેહધારી.
(૪) ☐ સાકાર, મૂર્તિમાન, સદા દિવ્યવિગ્રહ.

**પ્ર.૪ નીચે આપેલા પ્રસંગોમાંથી કોઈ પણ એક વર્ણવી સિદ્ધાંત લખો.** [૪]
૧. સ્વામીના ઓશિયાળા થજો, પણ તેમને ઓશિયાળા કરશો નહિ. (૧૩૪)
૨. અઢાર ગોદડીઓનો ભાર. (૧૧૬-૧૧૭)
૩. સદ્‌ગુરુ ખેલે વસંત. (૧૧૬)

**પ્ર.૫ નીચે આપેલા વિષયોમાંથી કોઈ પણ બે વિષયનું વિવરણ લખો. (બારેક લીટીમાં)** [૮]
૧. શ્રીજીમહારાજે કહેલો 'સ્વામી'નો અસાધારણ મહિમા. (૧૧૯-૧૨૦)
૨. ગુણાતીત સંતનો મહિમા : પરોક્ષ શાસ્ત્રોમાં. (૯૨-૯૩)
૩. પરબ્રહ્મ પુરુષોત્તમ નારાયણ : એક અને અદ્વિતીય. (૪૬)
૪. અક્ષરરૂપ થઈ પુરુષોત્તમની સ્વામી - સેવક ભાવે ઉપાસના. (૯૬)

**પ્ર.૬ નીચે આપેલાં વાક્યોમાંથી કોઈ પણ બે વિષે કારણો આપી સમજાવો. (બારેક લીટીમાં)** [૮]
૧. સૂર્ય સામી ધૂળની ફાંટ ભરીને નાંખીએ તે પોતાની આંખમાં પડે છે. (૨૪)
૨. ભગવાન સદાય સાકાર મૂર્તિમાન વિરાજમાન છે. (૧૭)
૩. સર્વ કરતાં સંત મોટા છે. (૮૯)
૪. શાસ્ત્રીજી મહારાજ ભોંયકા માલજી સોનીની વાત સાંભળવા ગયા. (૧૨૭)

**પ્ર.૭ ઉપાસનામાં શું સમજવું ? અને શું ન સમજવું ? તેના આધારે નીચે આપેલાં વાક્યોની પૂર્તિ કરો.** [૭]
**(ઉપાસનામાં શું સમજવું ?)**
૧. આ લોકમાંથી ....... સમ્યક્ પ્રકારે પ્રગટ છે. (૧૪૪)
૨. પરબ્રહ્મ પુરુષોત્તમ ....... છે. (૧૪૨)
૩. આપણી ઉપાસના અક્ષરે ....... બે ચરણની જ છે. (૧૪૩)
૪. જીવ, ઈશ્વર ....... અનાદિ છે. (૧૪૨)

**(ઉપાસનામાં શું ન સમજવું ?)**
૫. પ્રગટ બ્રહ્મસ્વરૂપ સંત ....... તેમ ન સમજવું. (૧૪૫)
૬. ભગવાન પૃથ્વી ....... તેમ ન સમજવું. (૧૪૪)
૭. શિક્ષાપત્રી ........ તેમ ન સમજવું. (૧૪૫)

(પાછળ જુઓ)

---

સત્સંગ શિક્ષણ પરીક્ષા કાર્યાલય - અમદાવાદ દ્વારા કરવામાં આવેલ પૂર્વ કસોટીના આ આયોજનમાં મેં જાતે વર્ગમાં (બેઠકખંડમાં) હાજરી આપીને **''સત્સંગ પ્રવીણ-૧''** પરીક્ષા આપી છે અને નીચેની વિગતો મેં સાચી ભરેલી છે તે આપ જાણશો.

તારીખ મહિનો વર્ષ

પરીક્ષાર્થીની જન્મ તારીખ :- ☐☐ ☐☐ ☐☐☐☐

પરીક્ષા આપી તે તારીખ અને સમય :-

પરીક્ષાર્થીની સહી :-

**નોંધ :- ફક્ત વર્ગમાં હાજર રહેલા પરીક્ષાર્થીઓએ જ ભૂલ્યા વગર આ હાજરીસ્લીપ કાપીને, તેમાં માગ્યા મુજબની વિગતો ભરીને, તેમના કેન્દ્ર વ્યવસ્થાપકને પરત આપવાની છે. ફક્ત હાજર પરીક્ષાર્થીઓની જ સ્લીપો ભેગી કરીને, પૂર્વ કસોટીના અહેવાલમાં ભરીને, સત્સંગ શિક્ષણ પરીક્ષા કાર્યાલય - અમદાવાદ ખાતે પરત જમા કરાવવાની છે. (અધૂરી વિગત ભરેલી હાજરીસ્લીપ માન્ય નહીં ગણાય)**

**પ્ર.૮ ટૂંકનોંધ લખો.** - ઉત્પત્તિ સર્ગના આધારે શ્રીજીમહારાજની સર્વોપરીતા વર્ણવો. (૪૩) [૫]

## વિભાગ-૨ : સત્સંગ વાચનમાળા ભાગ-૩ - સાતમી આવૃત્તિ, માર્ચ - ૨૦૦૯
## યુગવિભૂતિ પ્રમુખસ્વામી મહારાજ - ચતુર્થ આવૃત્તિ, જુલાઈ - ૨૦૦૬

**પ્ર.૯ નીચે આપેલાં અવતરણો કોણ, કોને અને ક્યારે કહે છે તે લખો.** [૯]

૧. ''હાથી ખૂંત્યો તે હાથી જાય ત્યારે જ નીકળે.'' (૫૧) **અથવા** ૨. ''આપણે વેર લેવું નથી, મહારાજ સારું કરશે.'' (૪૩)
૩. ''તમે આ કાગળ લાવ્યા તે બોલે છે કે તરત ગઢડે આવો.'' (૬૦) **અથવા** ૪. ''આ વસ્તુ નકામી છે, શરીર બગાડશે.'' (૪૫)
૫. ''જે પરિણામ આવે છે, તે ભગવાનની ઇચ્છાથી આવે છે.'' (૧૬) **અથવા**
૬. ''આવાં ઘરોમાં, ઝૂંપડાંઓમાં એમની ભક્તિનાં દર્શન થઈ ગયાં.'' (૩૨)

**પ્ર.૧૦ નીચે આપેલાં વાક્યોનાં કારણ જણાવો. (નવેક લીટીમાં)** [૮]

૧. ગોપાળાનંદ સ્વામીએ દૂધના દેગડા ઢોળાવી નંખાવ્યા. (૩૫) **અથવા** ૨. સારંગપુરમાં હનુમાનજીની મૂર્તિ ધ્રુજવા લાગી. (૬)
૩. કૂકડ અને ઓદરકા વચ્ચે પ્રીતની સરવાણીઓ ફૂટી નીકળી. (૫૧) **અથવા** ૪. સેવા એ જ ઉત્સવ. (૩૫-૩૬)

**પ્ર.૧૧ નીચે આપેલા વિષયો ઉપર મુદ્દાસર વિવરણ લખો. (બારેક લીટીમાં)** [૮]

૧. સંસારથી અનાસક્ત શિવલાલ શેઠ. (૬૭) **અથવા** ૨. મુક્તાનંદ સ્વામીની સાધુતા. (૨૦)
૩. ડાહ્યાભાઈને અક્ષરધામનો આનંદ. (૪૩) **અથવા** ૪. સારંગપુરના હરિજનોનો દિવ્ય અનુભવ. (૨૨)

**પ્ર.૧૨ નીચે આપેલા પ્રશ્નોના એક (સંપૂર્ણ) વાક્યમાં જવાબ લખો.** [૫]

૧. ધ્રાંગધ્રાના બાવા દ્વારકાદાસે મુકુંદદાસને કોની પાસે મોકલ્યા ? (૧૫)
૨. ઈડરના રાજા કોની પાસે માફી માગવા ગયા ? (૩)
૩. મહારાજે લાલજી સુથારને કયા ગામમાં દીક્ષા આપી ? (૩૨-૩૩)
૪. શાહી અપમાન કરનાર માટે સ્વામીશ્રીએ સેવકોને શું સૂચના આપી ? (૨૭)
૫. ગુરુ શાસ્ત્રીજી મહારાજની ચિઠ્ઠીમાં શું લખ્યું હતું ? (૮)

**પ્ર.૧૩ આપેલા વિકલ્પોમાંથી ફક્ત સાચા વિકલ્પોની આગળ આપેલા ચોરસ ખાનામાં ખરાની (✔) નિશાની કરો.** [૮]

**નોંધ : એક કે એકથી વધારે વિકલ્પ સાચા હોઈ શકે. તમામ સાચા વિકલ્પ આગળ જ ખરાની નિશાની કરી હશે તો જ પૂર્ણ ગુણ મળશે, અન્યથા એક પણ ગુણ નહીં મળે.**

૧. ગોપાળાનંદ સ્વામીએ કોને-કોને ગુણાતીતાનંદ સ્વામીનો મહિમા કહ્યો ? (૭)
(૧) ☐ પ્રાગજી ભક્ત (૨) ☐ જાગા ભક્ત
(૩) ☐ કેશવજીવનદાસ (૪) ☐ શિવલાલ શેઠ

૨. રઘુવીરજી મહારાજે કયા કયા ગ્રંથો રચાવ્યા ? (૪૬)
(૧) ☐ હરિલીલામૃત (૨) ☐ હરિલીલાકલ્પતરુ
(૩) ☐ શિક્ષાપત્રી ભાષ્ય (૪) ☐ વચનામૃત

૩. પ્રમુખસ્વામી મહારાજનું ભક્તવત્સલપણું ઝીલનાર પાત્રો. (૨૮, ૩૯, ૪૨)
(૧) ☐ વિરમગામનો ગણેશ (૨) ☐ સાગરખેડુનો પુત્ર પ્રશાંત
(૩) ☐ કેન્યાના રાષ્ટ્રપ્રમુખ જોમો કેન્યાટા (૪) ☐ કેન્સરગ્રસ્ત ડાહ્યાભાઈ

૪. જેમણે પ્રમુખસ્વામી મહારાજની પ્રશંસા કરી છે. (૧૨)
(૧) ☐ નાની પાલખીવાળા (૨) ☐ આત્માનંદજી સ્વામી
(૩) ☐ મહાત્મા ગાંધી (૪) ☐ રાષ્ટ્રપ્રમુખ બુશ

## વિભાગ-૩ : નિબંધ

**પ્ર.૧૪ નીચે આપેલા વિષયોમાંથી કોઈ પણ એક ઉપર આશરે ૬૦ લીટીમાં નિબંધ લખો.** [૧૫]

૧. વસ્ત્રપરિધાન : ભગવાન સ્વામિનારાયણ. (સ્વામિનારાયણ પ્રકાશ - એપ્રિલ ૨૦૦૮, પા. નં. ૨૧ થી ૨૭)
૨. માર્ગ ભૂલેલા જીવનનો સાચો માર્ગ : મંદિર અને સત્સંગ. (સ્વામિનારાયણ પ્રકાશ - જૂન ૨૦૦૭, પા. નં. ૨૧ થી ૨૫)
૩. ટીન એજ સંતાનો : સ્વામી ચીંધ્યો માર્ગ. (સ્વામિનારાયણ પ્રકાશ - જાન્યુઆરી ૨૦૦૯, પા. નં. ૨૨ થી ૨૯)

❋ ❋ ❋

**નોંધ :- આ પ્રશ્નપત્રમાંથી થોડા-ઘણા પ્રમાણમાં પ્રશ્નો તા. ૪ જુલાઈ, ૨૦૧૦ના રોજ લેવાનાર મુખ્ય પરીક્ષામાં પુછાશે. અભ્યાસક્રમના પુસ્તકની છેલ્લી આવૃત્તિનો જ ઉપયોગ કરવો. મુખ્ય પરીક્ષામાં જવાબવહીમાં વધારાના પાના જોડીને તેમાં લખેલા ઉત્તર માન્ય ગણાશે નહિ.**